## બ્લોક રિસોર્સ પર્સન(બીઆરપી)ભાષા, અંગ્રેજી, ગણિત–વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન અને પ્રજ્ઞાની સંભવિત ખાલી પડેલ/ખાલી પડનાર જગ્યા માટેની ગુણાંકન આધારિત મેરીટ/પ્રતિક્ષાયાદી.

(બીઆરપી ભરતી અન્વયે પ્રસિધ્ધ કરવામાં આવેલ મેરીટયાદી અન્વયે આગળ ઉપરની તમામ કાર્યવાહી જે તે જિલ્લા પ્રોજેકટ કચેરી ખાતેથી કરવામાં આવનાર છે. જેથી આ અંગે સંબંધિત માહિતી માટે દર્શાવેલ જિલ્લા કચેરીનો સંપર્ક કરવાનો રહેશે.)

## બ્લોક રિસોર્સ પર્સન(બીઆરપી)ભાષા, અંગ્રેજી, ગણિત–વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન અને પ્રજ્ઞાની ભરતી અન્વયે જિલ્લાકક્ષાએ યોજાનાર ઈન્ટરવ્યુ સંબંધી સુચનાઓ.

(૧) બીઆરપી ભરતી અન્વયે પ્રસિધ્ધ કરવામાં આવેલ મેરીટયાદી અન્વયે આગળ ઉપરની તમામ કાર્યવાહી જે તે જિલ્લા પ્રોજેકટ કચેરી ખાતેથી કરવામાં આવનાર છે. જેથી આ અંગે સંબંધિત માહિતી માટે દર્શાવેલ જિલ્લા કચેરીનો સંપર્ક કરવાનો રહેશે.

(૨) બીઆરપી ભરતી અંતર્ગત ઓનલાઈન અરજી કરેલ તમામ ઉમેદવારોની મેરીટયાદી(સંભવિત)પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

(૩) આ મેરીટયાદીમાં સમાવિષ્ટ થવા માત્રથી ઉમેદવાર બ્લોક રિસોર્સ પર્સન(બીઆરપી)ની નિમણૂંક માટે હકદાર બનતો નથી. જેની તમામ ઉમેદવારે નોંધ લેવી.

(૪) આ મેરીટયાદી તા.૩૧–૧–૨૦૧૫ સુધી વેબ સાઈટ પર જોવા મળશે,ત્યારબાદ સંબંધિત જિલ્લા કચેરીનો સંપર્ક કરવાનો રહેશે.

(૫) ગુજરાત રાજય પરીક્ષા બોર્ડ,ગાંધીનગર ધ્વારા TET- II ની પરીક્ષાના પરિણામમાં જો કોઈ ક્ષતિ/ભુલ રહેલ/થયેલ હોય તો તે ઈન્ટરવ્યુ સમયે રજુ કરવાનો રહેશે. જે આધારે તેમનું આખરી મેરીટ ધ્યાને લેવામાં આવશે.આ પ્રકારની રજુઆત ફકત જિલ્લાકક્ષાએ જ કરવાની રહેશે અને તેને ધ્યાનમાં લેવામાં આવશે.

(૬) ઉકત ક્રમ(૧)ને આનુષાંગિક કોઈપણ સુધારા/વધારા થયેલ હોય તો ઉમેદવારે તેના પ્રમાણપત્ર ઈન્ટરવ્યુ સમયે અવશ્ય રજુ કરવાના રહેશે. આ અન્વયે ઉપસ્થિત થતી જવાબદારી ઉમેદવારની પોતાની રહેશે.

(૭) બીઆરપી ભરતી માટે તા.૨૬.૧૨.૧૪ સુધીમાં આવેલ માન્ય ઓનલાઈન અરજીઓના આધારે તૈયાર થયેલ સંભવિત મેરીટયાદીમાંથી ઈન્ટરવ્યુમાં જે તે વિષયની ખાલી જગ્યાના ત્રણ ગણા ઉમેદવારોને બોલાવવામાં આવશે.

(૮) મેરીટયાદીમાં સમાવિષ્ટ ઉમેદવારો પૈકી જે તે જિલ્લાના તાલુકાની જે તે વિષયની ખાલી જગ્યાના ત્રણ ગણા પ્રમાણેની અગ્રતાક્રમની મેરીટયાદીમાં સમાવિષ્ટ થતાં ઉમેદવારોને જ ઈન્ટરવ્યુ માટેના કોલલેટર જિલ્લાકક્ષાએથી રજિસ્ટર એડી. પોસ્ટથી મોકલી આપવામાં આવશે.

(૯) તા.૨૧ થી ૩૧ જાન્યુઆરી–૧૫ દરમ્યાન ઈન્ટરવ્યુ સંબંધિત કોલલેટર જે તે જિલ્લા પ્રોજેક્ટ કચેરી તરફથી મોકલી આપવામાં આવનાર હોઈ, તે સંબંધિત માહિતી માટે જે તે જિલ્લા પ્રોજેક્ટ કચેરી, સર્વ શિક્ષા અભિયાનનો સંપર્ક કરવાનો રહેશે.

(૧૦) તા.૫ થી ૭ ફેબ્રુઆરી–૧૫ દરમ્યાનના ઈન્ટરવ્યુના દિવસે ઉમેદવારે ઓન લાઈન અરજીની પ્રિન્ટઆઉટ, અરજીપત્રકમા દશાવેલ લાયકાત મુજબના પ્રમાણપત્રોની ચકાસણી અને સ્થળ પસંદગીની પ્રક્રિયા કરવામાં આવશે.

(૧૧) આ માટે તા.૨૬.૧૨.૧૪ સુધીમાં ઉમેદવારે ઓનલાઈન કરેલ અરજીની પ્રિન્ટ આઉટ, ઓન લાઈન અરજી સમયે દર્શાવેલ તમામ લાયકાતના અસલ પ્રમાણપત્રો અને તેની એક પ્રમાણિત કોપી અવશ્ય લઈને આવવાનું રહેશે. આ તમામ પ્રમાણપત્રોની એક નકલ જિલ્લામાં માંગણી કરેથી આધાર તરીકે આપવાની રહેશે.

(૧૨) ઓનલાઈન અરજી કરતી વેળાએ દર્શાવેલ લાયકાત સિવાયના અન્ય લાયકાતના પ્રમાણપત્રો કે ગુણાંકનને ધ્યાનમાં લેવામાં આવશે નહિ.જેની ઉમેદવારે નોંધ લેવી.

(૧૩) ઈન્ટરવ્યુ સમયે અસલ પ્રમાણપત્રોની ચકાસણી કરવાની થતી હોઈ,જે તે જગ્યા માટેના ઉમેદવારેએ કોલ લેટરમાં તેમને આપેલ સમયના ૧(એક)કલાક પહેલાં ઈન્ટરવ્યુ સ્થળે ફરજિયાતપણે પહોંચવાનું રહેશે.જે તે વિષય માટેના નિર્ધારિત સમય બાદ આવનાર ઉમેદવારની રજુઆત ગ્રાહય રાખવામાં આવશે નહિ.

(૧૪) ઈન્ટરવ્યુ સમયે સ્થળ પસંદગી અને નિમણૂંક ઓર્ડર આપવાના હોઈ,ઉમેદવારે જિલ્લાકક્ષાએ તાલુકાવાર, વિષયવાર ખાલી જગ્યાઓની વિગત, ઈન્ટરવ્યુ સ્થળે નોટિસબોર્ડ પર મૂકવામાં આવેલ હશે, જેની જાણકારી મેળવીને તે આધારે સ્થળ પસંદગી કરવી. સ્થળ પસંદગી બાદ, સ્થળ પસંદગી ફેરફાર માટેની ઉમેદવારની રજુઆત ગ્રાહય રાખવામાં આવશે નહિ. જેની ઉમેદવારે નોંધ લેવી.

(૧૫) "બીઆરપી માટે પસંદગી પામેલ ઉમેદવારે ૧૧ માસના કરાર આધારિત નિમણુંક ઓર્ડર અન્વયે સંબંધિત જગ્યા પર જે તે બીઆરસી ખાતે હાજર થતાં પહેલાં, જિલ્લા પોજેકટ કો.ઓર્ડિનેટર, સર્વ શિક્ષા અભિયાન, જિલ્લો : .......................ના નામજોગ રૂ.૨૫૦૦૦/–(પચ્ચીસ હજાર)નો બોન્ડ અથવા તો ત્રણ માસનો પગાર પરત કરવા અંગેનું સોગંધનામું રૂ.૧૦૦/– ના સ્ટેમ્પ પર કરીને જિલ્લાકક્ષાએ જમા કરાવવું ફરજીયાત છે. આ સિવાય નિમણુંક હુકમ અન્વયે સંબંધિત જગ્યા ઉપર હાજર કરવામાં આવશે નહી."

(૧૬) જે તે જિલ્લાની જિલ્લા પ્રોજેકટ કો.ઓર્ડિનેટર અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીની કચેરીના સરનામા અને સંપર્ક નંબરની વિગત વેબસાઈટ ઉપર દર્શાવવામાં આવેલ છે.

(૧૭) જે કોઈ ઉમેદવારે(૧) તેની ઉમેદવારી માટે કોઈપણ પ્રકારનો ટેકો મેળવવા માટે એટલે કે અધિકારી, સભ્ય પર પ્રત્યક્ષ કે પરોક્ષ લાગવગ લગાડવાનો પ્રયાસ કરવા માટે (૨) બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેંડા કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો સાદર કરવા અથવા ગેરરીતિ આચરવા માટે(૩) યથાર્થ અથવા ખોટા અથવા મહત્વની માહિતી છુપાવતા હોય તેવા નિવેદનો કરવાના સંજાગોમાં કોઈપણ તબકકે ઉમેદવારી અથવા કરાર આધારિત નિમણૂંક રદ કરી શકાશે.